# ટોપીઓ વેચનારો અને વાંદરાં

**– પ્રભુલાલ દોશી**


એક ટોપી વેચનારો ફેરિયો મેળામાં ટોપીઓ વેચી, વધેલી ટોપીઓ લઈને ઘર તરફ પાછો ફરતો હતો. રસ્તામાં જંગલ આવ્યું. જંગલમાં એક વિશાળ વડની છાયામાં તે આરામ લેવા સૂતો. ટોપીઓનું પોટકું બાજુમાં મૂક્યું.

વડ ઉપર વાંદરાની ટોળીને વાસ હતો. થોડી વારમાં વાંદરાના એક બચ્ચાએ કિકિયારી કરી. વાંદરાંનું ટોળું હૂપાહૂપ કરતું આવી પહોંચ્યું. બચ્ચાએ સહુને પેલું પોટકું બતાવ્યું.

વાંદરાંનો સરદાર ઝડપથી ત્યાં પહોંચ્યો અને પોટકું ઉપાડી લાવ્યો. પોટકું ખોલ્યું તો તેમાં ટોપીઓ જ ટોપીઓ. રંગબેરંગી ટોપીઓ. સરદાર તથા વાંદરાંઓ ટોપીઓ જોઈને ખુશ થઈ ગયાં. સરદારે દરેક વાંદરાને એકએક ટોપી આપી. વાંદરાંઓ ટોપીઓ પહેરીને નાચવા–કૂદવા લાગ્યાં.

આ ધમાધમથી ફેરિયાની ઊંઘ ઊડી ગઈ. જાગીને જોયું તો ટોપીઓનું પોટકું ગુમ ! ઊંચે નજર કરી તો વડ તેમજ આજુબાજુનાં વૃક્ષ ઉપર વાંદરાઓ માથા ઉપર ટોપી ઓઢીને બેઠાં હતાં અને આનંદથી કિકિયારીઓ કરતાં હતાં.

ફેરિયાએ વાંદરાંઓ તરફ જોઈને હાથના ઇશારા કરી, ટોપીઓ નીચે નાખી દેવા કહ્યું.



વાંદરાંઓ હસ્યાં.

ફેરિયાએ ગુસ્સાથી પગ પછાડયા.

વાંદરાંઓએ અનુકરણ કર્યું.

ફેરિયાએ વાંદરાંઓ તરફ પથ્થરો ફેંક્યા.

વાંદરાંઓએ ફેરિયા તરફ ઝાડનાં ફળ તોડીને ફેંક્યાં.

કંટાળેલા ફેરિયાના મગજમાં એક વિચાર ઝબક્યો.

તેણે પોતાના માથા પરની ટોપી કાઢીને તેનો જમીન ઉપર ઘા કર્યો.

બાજુના ઝાડ ઉપરથી એક વાંદરું ઝડપથી ઊતર્યું અને તે ટોપી ઝડપીને પાછું ઝાડ ઉપર ચડી ગયું. ટોપી પહેર્યા વગર બાકી રહી ગયેલા એક વાંદરાને તેણે તે ટોપી આપી દીધી.

વાંદરાંઓના સરદારે વડના ઝાડ ઉપર વીડિયો ચાલુ કર્યો, જેના પડદા ઉપર અગાઉ ટેલિવિઝન પર રજૂ થયેલી વાંદરા અને ફેરિયાની જૂની બાળવાર્તા રજૂ થતી હતી.

બધાં વાંદરાંઓ ટોપીઓ પહેરીને ફિલ્મ જોતાં હસતાં—હસતાં ખૂબ નાચ્યાં.

■